Gmail

DSPPL Devrukh <info.dsppl@gmail.com>

# DSPPL ચૈતન્ય - ડિજિટલ ન્યૂઝલેટર ભાગ 01 અંક 01 // ગુરુ પૂર્ણિમા વિશેષ

**DSPPL Devrukh** <info.dsppl@gmail.com> Wed, Jul 13, 2022 at 1:12 PM
To: DSPPL Devrukh <Info.dsppl@gmail.com>







ગુરુ પૂર્ણિમાનું મહત્વ શું છે તે અંગે ઘણા લોકોના મનમાં પ્રશ્ન છે. પૂર્ણિમા અથવા પૂર્ણચંદ્રદિન ભારતીયો માટે હંમેશા પ્રાચીન સમયથી ઊજવણીનો દિવસ રહ્યો છે. બધા જાણે છે તે મુજબ એક વર્ષમાં પૂર્ણિમાના દિવસો કુલ 12 હોય છે. જો કે, ગુરુ પૂર્ણિમાનો દિવસ એક વિશિષ્ઠ દિન છે, કારણ કે આષાઢ માસની પૂર્ણિમાએ (હિંદુ પંચાંગમાંનો એક મહિનો જે સામાન્ય રીતે અંગ્રેજી કેલેન્ડરના જુલાઈ મહિનામાં આવે છે)આવતા આ દિવસે ચંદ્ર જોવાનું મુશ્કેલ બને છે, કેમકે ચોમાસામાં આવતા આ મહિનામાં સામાન્ય રીતે આખુંય આકાશ કાળાં વાદળોથી ઘેરાયેલું હોય છે. દેખીતી રીતે,આ સમયે ચંદ્રની સુંદરતા સરળતાથી જોઈ શકાતી નથી કારણ કે તે આવનારા વરસાદના પાણીથી તરબતર એવા કાળાં ડીબાંગ વાદળો ઓથે છુપાયેલો હોય છે. આ અદ્ભુત ઘટનાને જોવા માટે વ્યક્તિને ખૂબ જ ધીરજ અને વિશેષ દૃષ્ટિની જરૂર હોય છે. આપણા રોજિંદા જીવનમાં ઘટનાઓ બનતી હોય છતાંય નજર ન આવતી હોય તેવું બનતું જ

હોય છે, બરાબર તેવી જ રીતે આ સંજોગોમાં ચંદ્રને જોવો (અને આ ઘટનાને સમજવી ) એ એક પડકાર બની જાય છે અને તે જોવામાં વ્યક્તિ પોતાના અસ્તિત્વનું ભાન ભૂલી  જાય છે. આ બાબત જ એક આધ્યાત્મિક અભ્યાસ બની જાય   છે .  આ બાબત જે સામાન્ય દ્રષ્ટિથી પરે છે તેને સમજવા અને તે બાબતનું માર્ગદર્શન મેળવવા આપણને એક વિશિષ્ઠ આધ્યાત્મિક ચેતના ધરાવતી વ્યક્તિની  જરૂર છે અને  તે ગુરુ  કરી શકે  છે.

આ દિવસ એક મહાન ગુરુ એવા ઋષિ વ્યાસનો જયંતી અથવા જન્મદિવસ છે, કે જ્યાંથી ગુરુ પરંપરા શરુ થઈ.  એમાં  કોઈ આશ્ચર્ય નથી કે આધ્યાત્મિક માર્ગ પર પ્રયાણ કરનાર તમામ લોકો માટે આ એક ખાસ દિવસ છે. આ ઉપરાંત, ગુરુપૂર્ણિમાને બુધ્દ્પૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે કારણ કે ભગવાન બુધ્દે આ દિવસે પરમજ્ઞાન મેળવ્યા બાદ તેમનો પ્રથમ ઉપદેશ આપ્યો હતો.

આ તે દિવસ છે જ્યારે એક શિષ્ય ( 'શિસ્ત' શબ્દ  આમાંથી આવ્યો છે) તેના ગુરુ અથવા શિક્ષકને શ્રધ્દ્રાંજલિ પાઠવવા માટે તેમનાં દર્શને જાય  છે, તેમની પૂજા કરે છે અને આ માર્ગ પર આગળ વધવા માટે તેમના આશીર્વાદ લે છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે, સાધક તેના ગુરુએ આપેલા માર્ગદર્શન મુજબ તેના પસંદ કરેલા માર્ગ પર એક નવો માર્ગ શરૂ કરે છે. ગુરુપૂર્ણિમા પછી શ્રાવણ મહિનો શરૂ થાય છે અને ત્યારથી  ચાતુર્માસનો પણ પ્રારંભ થાય છે  - ચાર મહિનાની કઠિન તપસ્યા. આ ચાર મહિનાઓ ધર્મકાર્ય, ધ્યાન અને આત્મનિરીક્ષણ કરવા માટે સૌથી આદર્શ માનવામાં આવે છે. ભારતીય ઉપખંડમાં લોકો આ સમય સુધીમાં તેમનાં કૃષિવિષયક કાર્યો પૂર્ણ કરે છે અને જમીનની  ફળદ્રુપતા વધે તેની પર્યાપ્ત કાળજી સાથે  વરસાદની રાહ જુએ છે, અને વિવિધ આધ્યાત્મિક પ્રથાઓ દ્વારા પોતાનો આધ્યાત્મિક વિકાસ કરવાનો યથાશક્તિ પ્રયાસ કરે છે.

- અજિત સર

ગુજરાતી અનુવાદ: હરેશભાઇ શુક્લ, અમદાવાદ




**DSPPLના પ્રિય વિધાર્થીઓ, અને મારા યુવા મિત્રો,**

આધુનિક ભારતના એક શહેરમાં એક નાનું કુટુંબ રહેતું હતું. પરિવારમાં માતા, પિતા અને તેમના બે પુત્રો રાજીવ અને રોહન હતા. પરિવાર આધુનિક હતો, પરંતુ તેઓએ તેમના રૂઢિગત સાંસ્કૃતિક વારસાને જાળવી રાખ્યો હતો . તેઓ તમામ સાંસ્કૃતિક અને ધાર્મિક તહેવારો ખૂબ જ ઉત્સાહ અને ઉમંગપૂર્વક ઉજવતા હતા.

માતાપિતાએ તેમના બંને બાળકોને ગુરુઓ અને શિક્ષકોને આદર આપવાના સૌથી મહત્વપૂર્ણ દિવસ - ***ગુરુ પૂર્ણિમા*** માટે તૈયાર થવા સૂચના આપી. રાજીવ અને રોહન આજ્ઞાકારીપણે તૈયારી કરવા અને તેમના શિક્ષકને આદર આપવા સંમત થયા. મોટોભાઈ રાજીવ અને અત્યંત બુધ્દિશાળી વિધાર્થી હતો. જીવનમાં કોઇપણ સમસ્યાના ઉકેલ માટે રોહન હંમેશા તેની મદદ લેતો હતો. રોહન નાનો ભાઇ હોવાને કારણે જ્ઞાન મેળવવા તે રાજીવ પર અનેક પ્રશ્નોનો મારો ચલાવતો. ચાલો, આપણે ગુરુ પૂર્ણિમા વિશેની વાતચીતમાં બે યુવા દિમાગની ચર્ચા વાંચીયે.

**રોહન** : ભાઈ, દર વર્ષે શિક્ષકદિન ૫ સપ્ટેમ્બરના રોજ ઉજવવામાં આવે છે, તો પછી ગુરુપૂર્ણિમા આપણે શા માટે અલગથી ઊજવીએ છીએ?
**રાજીવ** : શિક્ષકદિન એ મહદંશે પશ્ચિમી ખ્યાલ છે. ભારતમાં આપણે ગુરુ પ્રણાલિકામાં માનીએ છીએ, અને તેથી આ દિવસ આપણા માટે વધુ મહત્વપૂર્ણ છે.
**રોહન** : ગુરુ અને શિક્ષક વચ્ચે શું તફાવત છે?
**રાજીવ** : શિક્ષક એવી વ્યક્તિ છે જે માત્ર થોડા વિષયો જ શીખવી શકે છે. ગુરુ એક એવી વ્યક્તિ છે જે તમને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જઈ શકે છે. બંને ગહન જ્ઞાન ધરાવે છે અને તેથી બંને હંમેશા આદરને પાત્ર છે.
**રોહન** : ભાઈ , શું આ તહેવાર માત્ર ભારતમાં જ ઊજવાય છે?
**રાજીવ** : ના, મારા વ્હાલા, એ નેપાળ અને ભૂતાનમાં પણ ઊજવવામાં આવે છે.
**રોહન**: ઠીક છે, તો આ તહેવાર ફક્ત હિન્દુઓ જ ઊજવતા હશે કારણ કે માન્યતાઓ અનુસાર આ દિવસે મહર્ષિ વેદવ્યાસનો જન્મ થયો હતો.
**રાજીવ**: ના, રોહન એમ નથી. જૈનો અને બૌધ્ધો પણ આ તહેવારને સંપૂર્ણ શ્રધ્ધા અને લાગણી સાથે ઊજવે છે.
**રોહન** : ભાઈ , મહેરબાની કરીને મને મહર્ષિ વેદવ્યાસ વિશે વધુ કહો.
**રાજીવ** : મહર્ષિ વેદવ્યાસ પ્રાચીન કાળની એક પ્રતિષ્ઠિત વ્યક્તિ હતા. તેઓ બ્રહ્મસૂત્ર, મહાભારત, શ્રીમદ ભાગવત તેમજ 18 પુરાણો જેવા અતુલ્ય ગ્રંથોના રચયિતા હતા . તેઓ ઋષિ પરાશરના પુત્ર હતા. હિંદુ શાસ્ત્રો મુજબ, વેદવ્યાસ તમામ કાળ (ભૂતકાળ, વર્તમાનકાળ , ભવિષ્યકાળ) નાં જ્ઞાતા હતા. તેઓ તેમની દિવ્યદૃષ્ટિથી જોઈ શકતા હતા કે ભવિષ્યમાં લોકો ઉચ્ચ જ્ઞાનમાંથી રસ ગુમાવશે. આ કારણે મનુષ્ય ઈશ્વરમાં ઓછો વિશ્વાસ કરશે, તેઓ જવાબદારીઓથી દૂર રહેશે અને તેમની ઉંમર ઓછી હશે. આવી વ્યક્તિ સમગ્ર વેદનું અધ્યયન સરળતાથી કરી શકતી નથી. તેથી, મહર્ષિ વ્યાસે વેદોને ચાર ભાગોમાં વિભાજિત કર્યા; જેથી ઓછી સમજ અને યાદશક્તિ ધરાવતા લોકો પણ આ જ્ઞાનનો ઉપયોગ કરી શકે.
**રોહન** : તેમનું નામ વેદવ્યાસ કેવી રીતે પડ્યું? કે પછી વેદોનું નામ તેમના નામ પરથી રાખવામાં આવ્યું હતું?

**રાજીવ**: ના રોહન, પ્રાચીન સમયના ઋષિઓ કૃતજ્ઞતાભર્યું જીવન જીવતા હતા. ચાર વેદોને કારણે જ તેઓ વેદવ્યાસના નામથી પ્રસિદ્ધ થયા.

**રોહન**: ભાઈ , ચાર વેદમાં જ જો બ્રહ્માંડનું સંપૂર્ણ જ્ઞાન સમાઈ જતું હોત તો તેમણે પુરાણો શા માટે લખ્યાં?

**રાજીવ**: વેદોનું જ્ઞાન એકદમ ગૂઢ અને સમજવું મુશ્કેલ હતું, તેથી મહર્ષિએ પાંચમા વેદ તરીકે પુરાણોની રચના કરી. આ પુરાણોમાં તેમણે વેદોના જ્ઞાનને રસપ્રદ વાર્તાઓ રૂપે સમજાવ્યું. તેમણે તેમના વિદ્યાર્થી રોમહર્ષણને પુરાણોનું જ્ઞાન આપ્યું. વ્યાસજીના વિદ્યાર્થીઓએ આ વેદોને આગળ જતાં ઘણી શાખાઓ અને પેટા શાખાઓમાં વિભાજિત કર્યા.

**રોહન** : ભાઈ,તમારો ખૂબ ખૂબ આભાર ! હું તમને મારા પ્રથમ ગુરુ માનું છું - હંમેશા મદદરૂપ અને હંમેશા પ્રબુદ્ધ.

**રાજીવ** : એવું ના કહે રોહન. બોધ એ મોટો શબ્દ છે. તેમ છતાં, ચાલ, હું તને યાદ કરાવું. ૧૩મી જુલાઈએ ગુરુજી અહીં શહેરમાં આવશે. ગુરુજી પાસેથી મંત્ર મેળવવા માટેનો આ શુભ અવસર ચૂકીશ નહીં.

**રોહન** : હું આતુરતાથી આ દિવસ અને યોગ્ય સમયની રાહ જોઉં છું. જ્યારે પણ તે આવે છે ત્યારે તેમના પગની માલિશ કરવાનું પણ મનેગમે છે.

**રાજીવ**: તે તારા માટે શ્રેયસ્કર છે, છોટે! આ તહેવારને ખરેખર શુદ્ધ હૃદય અને શ્રદ્ધા સાથે ઊજવવાની જરૂર છે. તારી પાસે ચોક્કસ આ તક છે!

**રોહન** : જે રીતે આપણો પરિવાર દિવ્યચેતના થી સંવૃત્ત છે, તે કારણે જ આપણે બધા આનંદ (દિવ્યતા)તરફ આગળ વધી રહ્યા છીએ.

રાજીવ : ખરેખર રોહન, આપણે બધાએ ગુરુજીના કાયમ માટે આભારી રહેવું જોઈએ.

અમે આશા રાખીએ છીએ કે વાતચીતનો આ નાનો અંશ તમારા જીવનને વધુ આનંદમય બનાવવામાં મદદ કરશે.

ગુજરાતી અનુવાદ: હરેશભાઇ શુક્લ, અમદાવાદ




એક સમયે એક પિતા અને તેમનો પુત્ર પતંગોત્સવમાં ગયા હતા. પતંગોથી ભરેલું રંગબેરંગી આકાશ જોઈને યુવાન પુત્ર ઘણો ખુશ થઈ ગયો . તેથી તેણે તેના પિતાને પતંગ ફીરકી અને દોરો આપવા કહ્યું ,જેથી તે પણ પતંગ ઉડાડી શકે. પિતા જ્યાં ઉત્સવ ચાલતો હતો તે પાર્કમાં

દુકાને ગયો. તેણે તેના પુત્ર માટે એક પતંગ અને ફીરકી ખરીદી . પુત્રએ પતંગ ઉડાવવાનું શરૂ કર્યું. ટૂંક સમયમાં જ તેનો પતંગ આકાશમાં ઊંચે પહોંચી ગયો.

થોડી વાર પછી દીકરાએ કહ્યું: "પપ્પા, એવું લાગે છે કે દોરો પતંગને વધુ ઊંચો ઊડતો અટકાવી રહ્યો છે, જો આપણે તેને તોડી નાખીએ તો તે મુક્ત થઈ જશે અને તે તેનાથી પણ ઊંચે ઊડી શકશે. તો શું આપણે દોરો તોડી શકીએ? એટલે પિતાએ ફીરકીમાંથી દોરો કાપી નાખ્યો, અને પતંગ થોડો ઊંચે જવા લાગ્યો. આ જોઇને દીકરો ખૂબ ખુશ થયો. પરંતુ પછી, ધીમે ધીમે, પતંગ ફરીથી નીચે આવવા લાગ્યો . થોડી જ વારમાં તો તે એક અજાણ્યા મકાનના ધાબા પર પડી ગયો. યુવાન પુત્ર આ જોઈને આશ્ચર્યચકિત થઇ ગયો. તેણે પતંગનો દોરો એટલા માટે કાપી નાખ્યો હતો કે તે ઊંચે ઊડી શકે, પરંતુ તેના બદલે તે નીચે પડી ગયો. તેણે તેના પિતાને પૂછ્યું: "પિતાજી, મેં વિચાર્યું હતું કે દોરો કાપી નાખ્યા પછી પતંગ મુક્ત થઈ જશે અને ઊંચે ઊડી શકશે, પણ તે નીચે કેમ આવી પડ્યો?" પિતાએ સમજાવ્યું : " જો દીકરા, આપણે જે જીવન જીવીએ છીએ તે ઘણી ઊંચાઈએ છે, તો આપણે ઘણીવાર વિચારીએ છીએ કે આપણે કેટલીક વસ્તુઓ સાથે જોડાયેલા છીએ, અને આ વસ્તુઓ આપણને આગળ વધતા અટકાવે છે.

હજુ પણ આગળ અને તેનાથી પણ વધારે, તું જુએ છે કે દોરો પતંગને ઊંચો જતો અટકાવતો ન હતો, પરંતુ જ્યારે પવન ધીમો પડી જાય કે જ્યારે પવન જોરથી ફૂંકાય ત્યારે તે પતંગને તેં દોરાની સહાયથી યોગ્ય દિશામાં ઊંચે જવામાં મદદ કરી. પણ જ્યારે આપણે દોરો કાપી નાખ્યો, ત્યારે તું જે દોરા વડે પતંગને ટેકો આપતો હતો તે ટેકા વિના તે પતંગ નીચે પડી ગયો ." હવે દીકરાને પોતાની ભૂલ સમજાઇ.

જીવનમાં પણ તમે જુઓ....આપણા જીવનમાં પણ ક્યારેક આપણને એવું લાગે છે કે જો આપણે આપણા પરિવાર સાથે, આપણા ઘર સાથે, કે આપણા મિત્રો સાથે જોડાયેલા ન હોઈએ તો આપણે ઝડપથી પ્રગતિ કરી શકીએ છીએ અને આપણા જીવનમાં નવી ઊંચાઈએ પહોંચી શકીએ છીએ; પરંતુ આપણે એ સમજવામાં નિષ્ફળ જઈએ છીએ કે આપણું કુટુંબ, આપણા પ્રિયજનો, આપણા મિત્રો, તેઓ તો આપણને આપણા કઠીન સમયમાં ટકી રહેવામાં મદદ કરે છે. તેમના ટેકા અને પ્રોત્સાહનથી આપણે જીવનમાં નવી ઊંચાઈઓ સર કરી શકીએ છીએ . તેઓ આપણને પાછા પાડી રહ્યા નથી, પરંતુ તેઓ આપણને ટેકો આપી રહ્યા છે. તેથી ક્યારેય આ સંબંધોનો દોર કાપશો નહીં, અને તમારા જીવનપતંગને જીવનભર ઊંચો અને સ્થિર ઉડતો જુઓ.

વિડિયો માટેની લિંક - https://youtu.be/ooO5W0jzXAQ

ગુજરાતી અનુવાદ: હરેશભાઇ શુક્લ, અમદાવાદ




## *પ્રામાણિકતામાં જ પ્રભુતાનો વાસ છે!*

માની લો કે તમે ગરીબ છો, તમારા પરિવારના એકમાત્ર કમાતા વ્યક્તિ છો, સંઘર્ષ કરી રહ્યા છો, તમારા પરિવારની મૂળભૂત જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે કોઈપણ પ્રકારની દૈનિક વેતનની નોકરી કરો છો. જો આવી સ્થિતિમાં, બસ સ્ટોપ પર એક દિવસે જો તમને રસ્તામાં રૂ. 40000 નું બંડલ પડેલું જોવા મળે, તો તમે શું કરશો?

આવી જ પરિસ્થિતિનો સામનો મહારાષ્ટ્રના સતારા જિલ્લાના પિંગલી ગામના રહેવાસી 54 વર્ષની ઉંમરના શ્રી ધનજી જગદાલેને કરવાનો થયો. તેમને તેમના ગામે જવા બસની ટિકિટ માટે રૂ. 7 (સાત)ની જરૂર હતી, પરંતુ તેમના ખિસ્સામાં માત્ર રૂ. 3 (ત્રણ) હતા. જ્યારે તેમણે દહીવડી બસ સ્ટોપ પર પડેલું આ રોકડા રૂપિયાનું બંડલ જોયું ત્યારે તેના માટે લોભ અનુભવવાને બદલે, જે વ્યક્તિનું આ બંડલ પડી ગયું હતું તે વ્યક્તિ માટે તેને ચિંતા થવા લાગી અને તેના માટે તેના મનમાં કરુણાનો ભાવ જાગ્યો. તેણે આ પૈસાના યોગ્ય માલિકને શોધવા માટે આસપાસ જોવાનું શરૂ કર્યું. થોડા સમય પછી, તે એક વ્યક્તિને મળ્યો, જે પરસેવાથી રેબઝેબ હતો અને અતિશય ચિંતામાં દેખાઈ રહ્યો હતો. એવું લાગતું હતું કે તેનું કશુંક ખોવાઈ ગયું હતું અને તેને તે શોધી રહ્યો હતો. તેની પુછપરછ કરતાં જાણવા મળ્યું કે તે ખરેખર ખોવાયેલા પૈસા શોધી રહ્યો હતો. ધનજીએ તેને ખુશીથી નોટોનું બંડલ પરત કર્યું. બંને ઘણાજ ખુશ અને સંતુષ્ટ દેખાતા હતા. આ બંને અજાણ્યાઓએ એકબીજાને ગળે લગાવ્યા.

આ વાંચતી વખતે, મને ખાતરી છે કે, તમે વિચારી રહ્યા હશો કે ડિજિટલ ચલણના આ યુગમાં કોણ આટલી બધી રોકડ લઈને ફરે છે? તે બંને માટે વધુ હ્રદયસ્પર્શી પરિસ્થિતિ એ હતી કે જ્યારે જેના પૈસા ખોવાયા હતા તેણે ધનજીને જણાવ્યું કે તેણે મહામહેનતે આ 4 0000 રૂપિય તેની બીમાર પત્નીની શસ્ત્રક્રિયા માટે એકઠા કર્યા હતા. આ પૈસા પરત મળતાં બંનેની આંખમાં આનંદનાં આંસુ હતાં.

પૈસા પરત મેળવનાર વ્યક્તિ ધનજીને તેની પ્રામાણિકતાની કદર કરતાં રૂ.૧૦૦૦ આપવા લાગી. ધનજીએ તે સ્વીકારવાની સ્પષ્ટ ના પાડી. તેણે ઘરે પરત આવવા બસની ટીકીટ માટે માત્ર રૂ. 7 સ્વીકાર્ય અને ઘરે પરત આવ્યો .

ધનજીની આ ભલાઈના સમાચાર વિવિધ મીડિયા ચેનલો દ્વારા ફેલાઈ ગયા. સતારાના ધારાસભ્ય દ્વારા ધનજીને બિરદાવવામાં આવ્યા, અને વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા તેને આર્થિક મદદની પણ ઓફર કરવામાં આવી. તેમના ચહેરા પર સ્મિત સાથે ધનજીએ તે તમામ ઓફરોને નકારી કાઢી, અને કહ્યું  કે વિશ્વ માટે તેમનો એકમાત્ર સંદેશ એ  છે કે લોકોએ તેમનું જીવન પ્રમાણિકતાથી જીવવું જોઈએ.

હા ખરેખર, પ્રામાણિકતામાં જ પ્રભુતાનો વાસ છે. આપણે બધા શ્રી ધનજી પાસેથી પ્રામાણિકતાના ગુણ શીખીએ, અને તેમને આપણા જીવનમાં આત્મસાત કરીએ.

સંદર્ભ લિંક: https://www.deccanherald.com/national/west/maha-man-returns-rs-40k-with-only-rs-3-in-his-pocket-773096.html

ગુજરાતી અનુવાદ: હરેશભાઇ શુક્લ, અમદાવાદ






**અવશ્ય જુઓ:** મે 2022 માં દેવરુખ ખાતે ચિલ્ડ્રન રીટ્રીટ કાર્યક્રમ દરમિયાન તેમના રાષ્ટ્રીય પાત્રનું નિર્માણ કરવા, વિદ્યાર્થીઓ દ્વારા શપથ ગ્રહણ સમારોહ.



## QUIZ TIME

### 1. ચિત્રમાં ગુરુને ઓળખો:



A. શાંતનુ B. દ્રોણાચાર્ય

C. વશિષ્ટ D. ભાસ્કરાચાર્ય

### 2. ગુરુ પૂર્ણિમા કોનો જન્મદિવસ છે?

A. ભગવાન શિવ B. ગુરુ દ્રોણાચાર્ય




C. ગુરુ વ્યાસ D. ગૌતમ બુદ્ધ





### 3. ગુરુ પૂર્ણિમા એ દિવસ છે જ્યારે ભગવાન શિવે કોને જ્ઞાન યોગ (યોગ વિજ્ઞાન) આપ્યો હતો?

A. વેદ વ્યાસ B. નારદ

C. વાલ્મીકિ D. સપ્તઋષિયો

### 4. કયા મહિનામાં ગુરુ પૂર્ણિમા પૂર્ણિમા ઉજવવામાં આવે છે?


A. અષાઢ B. શ્રાવણ

C. વૈશાખ D. કાર્તિક




### 5. ભગવાન પણ, રામ અને કૃષ્ણના અવતારોમાં, એક ગુરુ પરંપરા હેઠળજ શીખ્યા. આ ગુરુનું મહત્વ દર્શાવે છે. રામ અને કૃષ્ણના ગુરુ કોણ હતા?

A. ઋષિ બૃહસ્પતિ અને ઋષિ વિશ્વામિત્ર
B. ઋષિ વશિષ્ઠ અને ઋષિ સાંદીપનિ
C. ઋષિ ગૌતમ અને ઋષિ કૃપા
D. ઋષિ વેદ વ્યાસ અને ઋષિ વશિષ્ઠ




**તમારા જવાબ મોકલો! સાચા જવાબો અને વિજેતાઓના નામ આગામી ન્યૂઝલેટરમાં સામેલ કરવામાં આવશે!**



## સંપર્કમાં રહો, Quiz ના સાચા જવાબો મોકલવા માટે અને અમને તમારા સૂચનો/મંતવ્યો મોકલો:

info@dsppl.in or Whatsapp +918197056644

Copyrights © Devrukh Spiritual Prowess Private Limited